# ભવરોગનો નાશ કરનારી અદ્દભુત ઔષધિ છે રામકથા

**આચમન**
**બિપિન પટેલ**

શ્રીરામ અને રામકથાનો વિરોધ કરનારાઓની સંખ્યા પણ નાની તો નહીં જ હોય પરંતુ તેઓ એ નથી સમજતા કે પરમાત્માએ જીવના કલ્યાણાર્થે બે વિશેષ પ્રકારના અમૃતની વ્યવસ્થા કરી છે. એક છે : નામમૃત અર્થાત્ ભગવાનના નામરૂપી અમૃત અને બીજું છે : કથામૃત. રામકથામૃત અને અર્થાત્ ભગવાનની કથારૂપી અમૃત! મન જ્યારે બહિર્મુખ બને અને વિકાર-વાસનામાં ફસાવા લાગે ત્યારે જો જીવ નામમૃત અને કથામૃતનું પાન કરે તો જીવ તેમાંથી બચી શકે છે. એટલે સંસારના વિકાર અને સાંસારિક વાસનાઓથી બચવા માટે સૌએ સતત નામમૃત અને કથામૃતનું પાન કરવું જોઈએ. આ બંને અમૃત એવાં છે કે જીવના ત્રિતાપનું હરણ કરે છે. રામ કથામૃતનું સતત પાન કરવાના બે ફાયદા થાય છેઃ એક તો જીવની ભોગ-વાસના અને વિકારોનો નાશ થાય છે અને બીજો ફાયદો એ છે કે તેના પુણ્યમાં વધારો થાય છે. અરે ! ગમે તેટલું તપ્ત હૈયું પણ કથા શ્રવણથી શાંત થાય છે અને જીવને અનુપમ શાંતિ મળે છે. આ દિશામાં શ્રીરામ ચરિત માનસના અરણ્ય કાંડનો એક પ્રસંગ પ્રેરક છે જ્યાં સ્વયં ભગવાન શ્રીરામ સીતાજીને શોધતાં શોધતાં ભક્તિમયી શબરીજીના આશ્રમે પહોંચે છે અને તેમને નવધાભક્તિનો ઉપદેશ આપે છે. શબરીજીને નવધાભક્તિ સંભળાવતા, કથામૃતનું મહત્ત્વ સમજાવતાં સ્વયં ભગવાન કહે છે કે દૂસરી રતિ મમ કથા પ્રસંગ - મારી કથા સાંભળવામાં પ્રેમ થવો એ બીજી ભક્તિ છે. અર્થાત્ રામકથા રૂપી અમૃતપાન એ સ્વયં ભક્તિ જ છે. બસ! જરૂર છે શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ



અને એકાગ્રતાપૂર્વક કથાશ્રવણ અને ત્યાર બાદ ચિંતન, મનન, અને અનુસરણની! રામકથા કેવળ સાંભળવા પૂરતી સાંભળીએ નહીં, સાંભળ્યા પછી તે આપણાં હૃદયમાં અંકિત થઈ જાય અને ત્યાર બાદ આપણે તેને આપણા જીવનમાં પણ ઉતારીએ. તો પછી કલ્યાણ સુનિશ્ચિત છે કારણ કે રામકથા તો કલિયુગના પાપોનો નાશ કરનારી છે. રામકથા ન કેવળ પાપોનો ક્ષય કરનારી છે, પરંતુ તે વિવેક પેદા કરનારી પણ છે. સાંભળનારાના મનની મલિનતા દૂર કરીને તેને સાત્ત્વિકતા પ્રદાન કરનારી છે. અરે! રામકથા તો માનવીના સર્વ મનોરથ પૂરા કરનારી કામધેનુ ગાય છે. શ્રીરામ ચરિત માનસ - તુલસી રામાયણના રચયિતા ગોસ્વામી તુલસીદાસજી કહે છે, ‘આ રામકથાના જે સાત કાંડ છે તે બીજું કંઈ નથી, ભક્તિનાં સાત સોપાન છે. તેને સતત સાંભળવાથી, તેનું પાન કરવાથી ભગવાન શ્રીરામના શ્રીચરણોમાં પ્રેમ થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય

**રામકથા ન કેવળ પાપોનો ક્ષય કરનારી છે પરંતુ તે વિવેક પેદા કરનારી પણ છે. સાંભળનારાના મનની મલિનતા દૂર કરીને તેને સાત્વિકતા પ્રદાન કરનારી છે**

છે. જીવ જેમ જેમ આ રામકથા વાંચતો જાય છે, તેમ તેમ તેને ભગવાન શ્રીરામના ઐશ્વર્ય, તેમની ભક્તવત્સલતા, તેમની દયાળુતા, તેમની કૃપાળતા, તેમના પ્રેમ, વાત્સલ્ય, મમતા તેમ જ તેમની શરણાગત વત્સલતાનો અનુભવ થતો જાય છે. જે તેના હૈયામાં ભગવાન ઉત્પન્ન કરે છે, એ શ્રદ્ધા પ્રેમ અને વિશ્વાસ જ તેની ભક્તિભાવનાને દૃઢ કરે છે. શ્રીરામકથા તો ભવરોગનો નાશ કહે છે. આ રામકથાની રચના કરીને મને પરમ શાંતિ મળી છે, શાશ્વત શાંતિ મળી છે. પાયો પરમ વિશ્રામ- મેં તો પરમ શાંતિ પ્રાપ્ત કરી છે. તમે પણ પરમ શાંતિ પ્રાપ્ત કરી શકો છો. બસ! એક કામ કરો ‘રામાહિ સુમિરિઅ ગાઈએ રામાહિ! સંતત સુનિએ રામ ગુન યામાહિ! બસ રામકથાનું ‘રામજીના ગુણોનું’ સતત શ્રવણ કરતા રહો. શ્રીરામના ગુણો નિરંતર ગાતા રહો. સતત શ્રીરામના ગુણોનું સ્મરણ કરતા રહો! આ રામકથા અવશ્ય તમારું કલ્યાણ કરશે.’

# મન ચંગા તો કથરોટમાં ગંગા

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

ફ્રાન્સનો એક જાણીતો લેખક. એ એવું સરસ લખે કે તેના લેખ વાંચવા લોકો તે સામયિકોની રાહ જોતા હોય. એના ટૂંકા લેખોમાંથી લોકો પ્રેરણા લેતા અને જીવનનો મર્મ પામતા. એનું લખાણ પણ એટલું સરળ કે વાચક સહેલાઈથી સમજી શકે. વાંચનાર એકેએક લીટી વાંચતાં આનંદ અનુભવે અને રસ પણ જળવાઈ રહે. એના લેખોથી જે-તે સામયિકો વધુ વેચાતાં.


એક વાર એક વિવેચકે એને પૂછ્યું, ‘‘તમે આટલું સરસ અને સરળ કેવી રીતે લખી શકો છો? તમને દરેક બાબત આટલી સરસ યાને રસસભર શી રીતે લાગે છે?’’

ત્યારે એ લેખકે જવાબ આપ્યો, ‘‘જીવનની હરેક પળ રસસભર હોય છે અને દરેક માણસ પણ રસસભર હોય છે. રસ વગરનો કોઈ માણસ હોઈ શકે ખરો?

પણ માણસને પોતાને ખબર જ હોતી નથી કે તેનામાં રહેલા રસને કેવી રીતે ઉજાગર કરવો અને આનંદ ક્યાંથી કેવી રીતે મેળવવો? તમારી આસપાસનું આખું જગત, પ્રકૃતિ રસસભર છે. દરેક વસ્તુમાં નવીનતા છે. રોજ ખીલતાં દરેક ફૂલ અવનવા રંગો ધરાવે છે એમ દરેક માણસ, પશુ-પક્ષી અવનવા રંગો, ઓળખ કે રસ ધરાવે છે પણ ઘણા પોતાના જગતને છોડી અન્ય જગતની કલ્પના કે ઝંખના કર્યા કરે છે, ત્યારે એ એના રસને માણી શકતો નથી.’’

પ્રશ્ન પૂછનારને લેખકના પ્રશ્નમાં જ જવાબ મળી ગયો હતો. એને પણ થયું કે, આપણી આસપાસ જ મોજનો દરિયો ઘૂઘવે છે પણ આપણે એ મોજ માણી શકતા નથી.

આજે ખૂબ ઝડપથી દોડતી દુનિયામાં માણસ અનેક ભારણ હેઠળ દબાતો જાય છે અને તેથી એ જીવનનો રસ માણી શકતો નથી. માણસે મોજ ક્યાંથી મેળવવી એ એના મનોવલણ પર આધાર રાખે છે. તમે ધારો તો નાનકડા ઘરમાં પણ આનંદથી રહી શકો છો અને એમ ન ફાવે તો તમે મોટા બંગલામાં પણ ઝૂરીને મરી જાવ. એ બધો આધાર તમારા મન ઉપર છે. કહ્યું છે ને કે, ‘મન ચંગા તો કથરોટમાં ગંગા.’



**આજે ખૂબ ઝડપથી દોડતી દુનિયામાં માણસ અનેક ભારણ હેઠળ દબાતો જાય છે અને તેથી એ જીવનનો રસ માણી શકતો નથી. માણસે મોજ ક્યાંથી મેળવવી એ એના મનોવલણ પર આધાર રાખે છે.**

તમારું મન શુદ્ધ હશે તો ગંગા તો કથરોટમાં પણ પ્રગટે. મન મસ્ત તો બધું જ જબરજસ્ત. જીવનનો બધો ખેલ તમારા મન પર આધારિત છે. આપણી પાસે જરૂરી બધું હોવા છતાં જે નથી તેનો અજંપો કે લાલસા આપણા આનંદને મારી નાખે છે માટે સદા મોજમાં રહેવું. જે મળ્યું છે તેમાં ખુશ રહેવું તે જ સાચું છે.



## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા. ૧૦ નવેમ્બરથી
## તા. ૧૬ નવેમ્બર - ૨૦૨૫

**તા. ૧૦ સોમવાર**
કારતક વદ છઠ, પૂ. ડોંગરેજી મહારાજ પુણ્યતિથિ

**તા. ૧૧ મંગળવાર**
કારતક વદ સાતમ

**તા. ૧૨ બુધવાર**
કારતક વદ આઠમ, કાલભૈરવ જયંતી, ભૈરવાષ્ટમી, કાલાષ્ટમી, અનઘાષ્ટમીની વ્રત પૂજા દત્તમંદિર, મગદલ્લા ચોકડી, ડુમસ રોડ

**તા. ૧૩ ગુરુવાર**
કારતક વદ નોમ

**તા. ૧૪ શુક્રવાર**
કારતક વદ દશમ, નહેરુ જયંતી, બાળદિન

**તા. ૧૫ શનિવાર**



કારતક વદ એકાદશી, ઉત્પત્તિ એકાદશી, (બદામ) આણંદી યાત્રા

**તા. ૧૬ રવિવાર**
કારતક વદ બારસ, મહાલય સમાપ્ત